વાર્ષિક લવાજમ : રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ

## ગુરુ - શિષ્ય વિશેષાંક






પ્રકાશક :

**શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ**

ભાવનગર-૩૬૪ ૦૦૧




પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી તો તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ જેવી મહામંગળકારી, આનંદ ઉપજાવનારી હતી. આવી વાણીનું શ્રવણ જેમને થયું તે બધા ભાગ્યશાળી છે. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી અને પૂજ્ય ગુરુદેવશ્રી તો આ કાળનો એક અચંબો હતાં.

–પૂજ્ય બહેનશ્રી

આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંતા ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે.

–પૂજ્ય સોગાનીજી


ગુરુદેવ તો પોતે એક અલૌકિક દ્રવ્ય હતાં, અલૌકિક એમનું પરિણમન હતું ને પુણ્યનો – વાણીનો યોગ પણ કોઈ અલૌકિક સાતિશય યોગ હતો.

–પૂજ્ય ભાઈશ્રી

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૦ : અંક–૩૧૭, વર્ષ–૨૬, મે–૨૦૨૪

## પૂજ્ય ગુરુદેવશ્રીનાં વિવિધ આગમો ઉપરના પ્રવચનોમાંથી ચૂંટેલા વચનામૃતોનો ગ્રંથ–'પરમાગમસાર' માંથી કેટલાક વચનામૃતો



શરીર-ધન-મકાન આદિ અનુકૂળતા દેખીને તને વિસ્મયતા અને કુતૂહલતા આવે છે તો ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ છે, અજાયબ-ઘર છે તેનું કુતૂહલ તો કર! ભગવાન સર્વજ્ઞદેવે જેના આટલા-આટલા વખાણ ને મહિમા કર્યા છે એવો આત્મા કેવો છે તેને દેખવા કુતૂહલ તો કર! એકવાર વિસ્મયતા તો કર કે તું કેવડો મોટો મહાન પદાર્થ છો! તેને દેખવા-અનુભવવાનું કુતૂહલ તો કર! નરકનો નારકી મહા પીડામાં પડ્યો છે પણ આવા મહાન આત્માની કુતૂહલતા કરીને આત્માને અનુભવે છે તો તું આવા અનુકૂળ યોગમાં એકવાર કુતૂહલ તો કર! ૯૨.

અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્માપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. ૧૨૯.

*

એકબાજુ જ્ઞાનસિંધુ છે ને બીજી બાજુ ભવસિંધુ છે. જ્યાં રુચે ત્યાં જા. ૧૭૯.

*

જેણે બહારમાં ક્યાંક રાગમાં, સંયોગમાં, ક્ષેત્રમાં એમ ક્યાંક ને ક્યાંક કોઈ દ્રવ્યમાં, ક્ષેત્રમાં, કાળમાં, આ ઠીક છે એમ માનીને ત્યાં વિસામામાં કાળ ગાળ્યો તેણે પોતાના આત્માને ઠગી લીધો છે. ૨૧૬.

*

જેને માથે જનમ-મરણની ડાંગુ તોળાઈ રહી છે અને તે સંયોગોમાં રાજીપો માની રહ્યો છે તે પાગલ છે. ૨૩૩.

*

સત્‌ને માટે આખું જગત વેચાઈ જાવ, આખું જગત જાવ, પણ આત્મા જતો ન કરાય. ૨૩૪.

*

ધન રળવાનો કાળ છે ઈ તો મરવાનો કાળ છે. આ તો કમાવાનો કાળ છે, આત્માના આનંદને કમાવાનો કાળ છે એને ચૂકીશ નહીં. ૨૪૦.

*

અહો! સમ્યગ્દ્રષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે! કોઈ નરકની ભીષણ વેદનામાં પડ્યા હોય તો પણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદ્રષ્ટિથી કળવું કઠણ છે. ૨૯૯.



*

હે પ્રભુ! આપે ચૈતન્યના અનંતા ખજાના ખોલી નાખ્યા ! તો હે પ્રભુ! હવે એવો તે કોણ હોય કે તરણા સમાન ચક્રવર્તીના રાજને છોડીને ચૈતન્યના ખજાનાને ખોલવા ન નીકળી પડે. ૩૨૯.

*

ચલો સખી વહાં જઈએ,
જહાં અપના નહિ કોઈ,
શરીર ભખે જનાવરા,
મુવા રોવે ન કોઈ.

આહાહા! સંગથી ચાલ્યો જા! સંગમાં રોકાવા જેવું નથી. ગિરિગુફામાં એકલો ચાલ્યો જા! આ મારગ એકલાનો છે. સ્વભાવના સંગમાં પડ્યો એને શાસ્ત્રસંગ પણ ગોઠતો નથી. આહાહા! અંદરની વાતો બહુ ઝીણી છે ભાઈ! શું કહીએ. ૪૩૩.

*

ભાઈ! તું એકવાર કુતૂહલ તો કર! ભગવાન તારા આટલા આટલા વખાણ કરે છે, એ છે કોણ? તું આનંદનો સાગર છો. પરમાનંદ સ્વરૂપ છો. અનંત અનંત ગુણોનું ગોદામ છો. અતીન્દ્રિય આનંદનો દરિયો છો. સિદ્ધ સમાન શુદ્ધ છો. આટલા આટલા તારા વખાણ કરે છે એવો તું પરમાત્મસ્વરૂપ છો કોણ? એનું એકવાર કુતૂહલ કરીને જો તો ખરો! ભાઈ! મહા કષ્ટે, મરીને પણ તું કુતૂહલ કરીને જો! આ શરીરાદિનો પાડોશી થઈ આત્માનો અનુભવ કર. તો તારો આત્મા આનંદના વિલાસરૂપ દેખાશે ને પરદ્રવ્યનો મોહ તુરત છૂટી જશે. ૪૭૯.

*

આહાહા! દિગમ્બર સંતોની વાણી તો જુઓ, મારફાડ કરતી ત્રિકાળી ચૈતન્યતત્ત્વને બતાવે છે. આહાહા, શુદ્ધનય ધ્યાન કરવાનું પણ કહેતો નથી. શુદ્ધનય પર્યાયને કબૂલતો નથી એ તો સદાય આનંદસ્વરૂપ શુદ્ધ પરમાત્મતત્ત્વને જ સ્વીકારે છે. આહાહા, ભાઈ તારા પૂર્ણ પ્રભુની વાત તો જો. ૫૦૨.

*

સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ, અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે.

ભાઈ એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાનાનંદની શક્તિથી

ભરેલો છે. મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો. હવે મારું શું થશે! એમ ડર નહિ, મૂંઝા નહીં, હતાશ થા નહીં.... એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ.... સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઊછાળ. ૫૯૩.

*

વીતરાગની વાણી સાંભળતા કાયર કંપી ઊઠે છે. જ્યારે વીર ઊછળી ઊઠે છે. ૬૨૧.

*

જે આત્મા સ્વભાવનો અનાદર કરીને પર ચીજથી પોતાને સુખ માને છે તે જીવ મોટો પાપી છે, અંદર મોટી ચૈતન્યનિધિ પડી છે તેનો આદર કરતો નથી, ને જડમાં સુખ માને છે તે જીવને બહારમાં ભલે લક્ષ્મીના ગજ હોય તોપણ તેને ભગવાન 'પાપી' કહે છે, ને દેહથી ભિન્ન ચિદાનંદ સ્વભાવનું ભાન કરનારું નાનું દેડકું હોય તો તે પણ 'પુણ્ય જીવ' છે, તે જીવ અલ્પ કાળમાં મોક્ષ ચાલ્યો જશે. શુભભાવ અમને લાભ કરશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે, એમ માનનાર જીવ પણ પાપી છે, જેને અંદર પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી. એને ભેદજ્ઞાન વગર પાપની જડ કપાતી નથી, તેથી તે પાપ જીવ છે, ભલે મોટો રાજા હોય, પણ તેને ભિન્ન ચૈતન્યનું ભાન નથી, તેને પાપનું મૂળિયું ઊભુ છે, તેથી તે પાપ જીવ છે, ભેદજ્ઞાન વગર મૂળ કપાતું નથી. ૭૫૮.

*

ભલું થવા યોગ્ય છે તેથી જે જીવને એવો વિચાર આવે છે કે.... હું કોણ છું? ક્યાંથી અહીં આવી જન્મ ધર્યો? મરીને ક્યાં જઈશ? મારું સ્વરૂપ શું છે? આ ચારિત્ર કેવું બની રહ્યું છે. આદિનો જેણે નિર્ણય કર્યો છે. આત્મા અદ્ધરથી આવ્યો છે કે પૂર્વભવમાંથી આવ્યો છે. હું આ કુળમાં જન્મ્યો છું. હું કોણ છું, મરીને ક્યાં જઈશ એટલે કે આ દેહ છૂટશે એટલે હું ક્યાં જઈશ–



એવો વિચારવાન શ્રોતા હોવો જોઈએ. મારું ખરું સ્વરૂપ શું છે? અને આ વર્તન બધું શું થઈ રહ્યું છે. ખાવું પીવું, વેપાર-ધંધા, વગેરે જે થઈ રહ્યું છે તે શું છે? મને આ જે ભાવો થાય છે એટલે કે આ પાપ ભાવો થાય છે, કુટુંબના-વેપારનાં-શરીરાદિનાં ભાવો થાય છે તેનું ફળ શું આવશે? અને આ જીવ કેમ દુઃખી થઈ રહ્યો છે, તેવા વિચારો કરનારો યોગ્ય શ્રોતા છે. જેને દુઃખ જ ન લાગતું હોય તે યોગ્ય શ્રોતા નથી. ૯૭૭.

*

'આ કાળે બુદ્ધિ થોડી, આયુ થોડું, સત્ સમાગમ દુર્લભ, તેમાં હે જીવ! તારે એ જ શીખવાયોગ્ય છે કે જેનાથી તારું હિત થાય ને જન્મ-મરણ મટે.' ૧૦૦૩.

*

અહો! મહાન સંત મુનિશ્વરોએ જંગલમાં રહીને આત્મસ્વભાવના અમૃત વહેતાં મૂક્યાં છે. આચાર્યદેવો ધર્મના સ્તંભ છે, જેમણે પવિત્ર ધર્મને ટકાવી રાખ્યો છે. ગજબ કામ કર્યું છે. સાધકદશામાં સ્વરૂપની શાંતિ વેદતાં પરિષહોને જીતીને પરમ સત્‌ને જીવંત રાખ્યું છે. આચાર્યદેવના કથનમાં કેવળજ્ઞાનના ભણકાર વાગી રહ્યા છે. આવા મહાન શાસ્ત્રોની રચના કરીને ઘણા જીવો ઉપર અમાપ ઉપકાર કર્યો છે. રચના તો જુઓ! પદે પદે કેટલું ગંભીર રહસ્ય છે! આ તો સત્યની જાહેરાત છે, આના સંસ્કાર અપૂર્વ ચીજ છે. અને આ સમજણ તો મુક્તિને વરવાના શ્રીફળ છે. સમજે તેનો મોક્ષ જ છે. ૧૦૦૬.

*



# અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રીના શિષ્યરત્ન પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજી પ્રતિ પ્રમોદપૂર્ણ હૃદયોદ્ગારો !!

...હું તો જ્ઞાનસ્વરૂપ છું. જ્ઞાન કોનું કરે? અને કોની પાસેથી કાર્ય લે? આહા..હા...! ચૈતન્ય હીરલો! અનંતગુણના પાસાથી પડ્યો (છે), પ્રભુ! આ..હા...! ખરેખર તો એના–જીવના પરિણામ જે થાય છે એ પરિણામ પણ ત્રિકાળી ધ્રુવથી નહિ. આહા..હા...! તો પરના પરિણામ જીવ કરે (એ કેમ હોય?)

દ્રવ્ય પર્યાયનો દાતા નથી અને કર્તા નથી. આહા..હા...! ભાઈએ –'ન્યાલભાઈ'એ તો એકવાર લખ્યું નથી? 'પરિણામ પરિણમી ગયા અને હું એવોને એવો રહી ગયો.' લોકોને નિશ્ચયાભાસ જેવું લાગે. લોકોને ખબર નથી. પરિણામની દ્રષ્ટિ ધ્રુવ ઉપર છે અને એ પરિણામ બદલી ગયા અને હું તો એવોને એવો (રહી ગયો). હું એટલે ધ્રુવ. આહા..હા...! (લોકોને) આ ન બેસે. **"ન્યાલભાઈ'ની વાત પરમ સત્ય છે**. પણ નિશ્ચયાભાસ છે એમ કરીને કાઢી નાખ્યું, માળાએ!

(કાલે એક મુમુક્ષુ) જોવા આવ્યા હતા (એ કહેતા હતા કે) 'તમે એને નિશ્ચયાભાસ ઠરાવો તો અમે જોવા આવીએ.' કહો, ઠીક! (બે જણા આવ્યા અને કહ્યું કે) 'ન્યાલભાઈ'ને તમે નિશ્ચયાભાસ ઠરાવો તો અમે આ મેળામાં આવી શકીએ.' હવે આવો–ન આવો, અહીં અમારે શું કામ છે? તારે એનું કામ શું? એ જ્યાં છે ત્યાં હતાં. આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક –૫૭–૫૮, તા. ૨૬-૬-૭૫, પ્ર.૭૨, ૨૫:૨૪ મિનિટે)

*


(જ્ઞાનીને) વીતરાગ સ્વભાવની દ્રષ્ટિ છે એટલી તો વીતરાગતા દ્રષ્ટિની અપેક્ષાએ છે, અસ્થિરતાની અપેક્ષાએ જ્ઞાનીને રાગ આવે છે. આ..હા...! શરીર આદિ શણગારનો રાગ આવે. ન્હાય, શણગાર કરે. 'ન્યાલભાઈ'માં તો એવું આવે છે (કે), છેલ્લે ન્હાયા હતા. 'ન્યાલભાઈ!' આવે છે, ચોપડીમાં આવ્યું છે. મરવાની તૈયારી હતી એની, છેલ્લે સ્નાન કર્યું. આવે, એવો વિકલ્પ આવ્યો. આવે છે? (શ્રોતાઃ- પ્રસ્તાવનામાં). હા, પ્રસ્તાવનામાં. છે ને? આવે, એવો વિકલ્પ હોય છે. આહા..હા...! પણ એને એ દોષ જાણે છે. લાભ માટે આમ કરું છું એમ નહિ. આહા..હા...! કરું છું તો નહિ પણ થાય છે એ લાભ માટે નહિ. આ..હા..હા...! અસ્થિરતાને લીધે શરીર–વાણી, આહાર ને પાણીને અનુકૂળ કરવાનો રાગ આવે પણ અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી. આહા..હા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક –૬૧–૬૨, તા. ૩૦-૬-૭૫, પ્ર-૭૬, ૨૯:૪૫ મિનિટે)

*

જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થવા છતાં ડાહ્યો માણસ પોતાના શરીરને જીર્ણ થયેલું માનતો નથી તેમ અંતરાત્મા શરીર જીર્ણ થતાં પોતાનાં આત્માને જીર્ણ માનતો નથી. આહા..હા...! અરે...! પર્યાયમાં પૂર્ણ હીણી (પર્યાય) થઈ – ઘણી હીણી (પર્યાય થઈ) એથી ધ્રુવ હીણું થયું એમ માને? આહા..હા...! એને ઠેકાણે શરીરની જીર્ણતાથી આત્માની જીર્ણતા (થઈ) એ વાત ક્યાં છે ? આહા..હા...! ધર્મીની દ્રષ્ટિ ! શરીર ઉપર લક્ષ પણ ક્યાં છે? એ શિયાળ

કરડે ને કટકા કરે. ધર્માત્માની દ્રષ્ટિ તો આત્મા ઉપર પડી છે. શિયાળ શરીરના કટકા કરે તોપણ ત્યાં અંતરમાં તો આનંદ વેદાય છે! ઓલું-(શિયાળ) બટકું ભરે, અહીં આનંદ પુષ્ટ થાય! આહા..હા...! એને અને આને સંબંધ શું છે? આહા..હા...! પેલો ટુકડો જાય, અહીં આનંદની પુષ્ટિ થાય! આહા..હા...! ચીજ જ જુદી છે. ભાઈ લખે છે નહીં? 'ન્યાલભાઈ'! કે કરોડો સોયું ધગધગતી શરીરમાં આવે તોપણ જ્ઞાનીને એની ચિંતા નથી, કારણકે ઈ મને અડતું નથી. છે ને? 'ન્યાલભાઈ'માં છે. ધર્મી તો હર સમયે તૈયાર! શરીરમાં ધગધગતી કરોડો સોયું પહેરે તોપણ એને હું અડતો નથી, એ મને અડતી નથી. આ..હા..હા...! જેનાથી – શરીર(થી) મારો અત્યંત અભાવ (છે), એમાં – શરીરમાં એ થાય એમાં મને શું? આ..હા..હા...!



('શ્રી સમાધિતંત્ર' શ્લોક–૬૩ થી ૬૫, તા. ૨-૭-૭૫, પ્ર.-૭૮, ૨૯:૧૦ મિનિટે)

*

...પર્યાયમાં પરિણમન જે છે એ તો પર્યાયનું છે. 'ન્યાલભાઈ'માં એક ઠેકાણે આવ્યું છે કે, પરિણામી-અપરિણામી કહીએ તો... પરિણામી-પરિણામ! આવે છે એક ઠેકાણે. 'અપરિણામી-પરિણામ' (કહો). ઓલું જોર (ત્યાં છે ને!) પરિણામ પોતે અપરિણામી ઉપર લક્ષ (કરે) છે. તેથી 'અપરિણામી-પરિણામ'. (આવે) છે? આ બાજુમાં છે. આહા...! વસ્તુસ્થિતિ છે. કારણ કે અપરિણામીને પરિણામે જ્યારે જાણ્યું ત્યારે 'અપરિણામી પરિણામ' એમ ! માર્ગ એવો ઝીણો છે, ભાઈ! અને એ સર્વજ્ઞ પંથમાં જ આવો માર્ગ હોય, ત્રણકાળમાં બીજે ક્યાંય હોય નહિ. આહાહા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૬૫-૬૬, તા. ૩-૭-૭૫, પ્ર.-૭૯, ૯:૨૦ મિનિટે)

*

...વિકલ્પ ઉઠે તે પણ નુકસાનકારક છે. આહા..હા...! ભાઈએ – 'ન્યાલભાઈ'એ તો ત્યાં સુધી લખ્યું નહિ? (કે), 'સુનનેવાલે કો નુકસાન અને સુનાનેવાલે કો નુકસાન.' લખ્યું છે? બન્નેને (નુકસાન). આહાહા...!

('શ્રી સમાધિતંત્ર' શ્લોક -૭૧-૭૨, તા. ૯-૭-૭૫, પ્ર.-૮૪, ૩૪:૪૫ મિનિટે)

*

...પ્રવૃત્તિમાં પણ વિવેક જોઈએ. એક ફેરી તો 'ન્યાલભાઈ'ને પૂછ્યું છે કે, વિવેક ક્યા? વિવેક મૂકી દે એક કોર! એક ફેરી એમ (કહ્યું) અને એક ફેરી પાછું કહે છે કે, વિવેક પહેલો જોઈએ. બે પ્રશ્ન છે. છે બે પ્રશ્ન છે. એક ઠેકાણે વિવેકની વાત છે. એક ઠેકાણે પાછું વિવેકને સ્થાપ્યું છે કે, વિવેક જોશે, પણ પર્યાયબુદ્ધિ રાખવી નહિ, પર્યાય ઉપરનું જોર ન દેવું, એમ. છે ઈ ક્યાંક. કેટલામું છે ઈ ખબર છે? નથી ખબર? પ્રશ્નોમાં છે. ક્યે ઠેકાણે પ્રશ્ન છે ખબર છે? આપણને કંઈ બહુ યાદ રહે નહિ. ન્યાય યાદ રહે. એવું ક્યાંક આવ્યું હતું, હોં! આ..હા..હા...!

એકનો અર્થ એમ કે, આવો રાગ હોવો જોઈએ નહિતર આમ થાય ને તેમ થાય એમ. હવે જેવો થાવો હશે થાશે. એને સમ્યગ્દર્શનમાં એવો સ્વચ્છંદી રાગ ન થાય. એને યોગની લાયકાત પ્રમાણે જ થાય. પણ એનું જોર જવું જોઈએ વસ્તુ ઉપર. જે મહા-ખાણ છે એ ખાણ ઉપર નજર નાખવી જોઈએ. જોર ત્યાં જવું જોઈએ. પર્યાયનો વિવેક એના પ્રમાણમાં હોય છે પણ એનું જોર પર્યાય ઉપર ન જોઈએ. ક્યાંક છે. બે બોલ છે. એક બોલ કાઢશો તો બીજો બોલ આવે છે, લખી લીધો હશે. વિવેકનો નકાર કર્યો છે ત્યાં પણ વિવેકનો હકાર કર્યો (છે) એનું પાનું લખ્યું હશે. છે, એમાં ઘણો વિષય (છે).

('શ્રી સમાધિતંત્ર' શ્લોક-૭૧-૭૨, તા. ૯-૭-૭૫, પ્ર.-૮૪, ૪૨:૧૦ મિનિટે)

## શ્રુતલબ્ધિ ધારક કુંદકુંદાચાર્ય વારસદાર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભાઈશ્રી

સામાન્ય રીતે વર્તમાનકાળમાં જ્ઞાની પાસે કોઈ આવે ત્યારે સૌથી પહેલાં એને સંપ્રદાયથી એટલું છૂટું પડવું પડે. થોડાઘણાં અંશે અથવા ઘણા અંશે છૂટું પડવું પડે. ત્યારે એ જ્ઞાની પાસે આવે. કેમ? કે સંપ્રદાયની જે રૂઢી અને પ્રણાલિકા છે એ પ્રણાલિકાથી જ્ઞાનીનો ઉપદેશ અને એ જ્ઞાની પાસેના બધા પ્રકારો જુદા જ હોય છે. સામાન્ય રીતે ગુરુદેવ સંપ્રદાયથી જ્યારે છૂટા પડ્યા. સ્થાનકવાસી શ્વેતાંબર સંપ્રદાયનો એમણે ત્યાગ કર્યો, જાહેર થયા. મુહપતી છોડી અને સ્પષ્ટ કર્યું કે હું હવે કોઈ સ્થાનકવાસીનો સાધુ નથી. હું સનાતન દિગંબર જૈનધર્મને સ્વીકારું છું અને એની પરંપરા અને એની આમ્નાયમાં મારી માન્યતા સ્પષ્ટ છે.

કુંદકુંદ આચાર્યદેવના વચનો સમયસાર આદિ પોતાને આત્મજ્ઞાન થવા માટે નિમિત્ત થયેલા છે અને કુંદકુંદ આચાર્ય અને એમના શાસ્ત્રો પ્રત્યે એમને અત્યંત ભક્તિ ઉત્પન્ન થયેલી. એ ભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ અત્યારે એ છે કે સોનગઢમાં પરમાગમ મંદિરની અંદર કુંદકુંદ આચાર્યદેવના અને અમૃતચંદ્રાચાર્યદેવના શાસ્ત્રો કુંદકુંદ આચાર્યદેવ ઉપર ટીકા કરેલી એ આરસની અંદર કોતરીને દિવાલ ઉપર લગાડવામાં આવ્યા છે. હિન્દુસ્તાનની અંદર દિગંબર સંપ્રદાયમાં દિગંબર આચાર્યના શાસ્ત્રો મારબલની અંદર, આરસપહાણની અંદર કોતરાવીને મંદિર બનાવવામાં આવ્યું હોય તો સોનગઢ પહેલું છે. પછી ક્યાંય થયું હોય તો ખબર નથી. પણ હિન્દુસ્તાનમાં ક્યાંય એ વાત નહોતી. એ એમની કુંદકુંદાચાર્ય પ્રત્યેની અને એમના શાસ્ત્રો પ્રત્યેની ગુરુભક્તિ અને શ્રુતભક્તિનો પુરાવો છે.

**–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

**(શ્રી 'સ્વાનુભૂતિદર્શન' પ્રવચન નં–૩૭૯)**

## પૂજ્ય ભાઈશ્રીના પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગાર (વિવિધ પ્રવચનોમાંથી)



એ વારસો મળ્યો છે એમ કહેવાય છે. 'ગુરુદેવ'ને વારસો મળ્યો છે. 'કુંદકુંદાચાર્ય અને 'અમૃતચંદ્રાચાર્યદેવ'નો વારસો મળ્યો છે!! કુદરતી એમની વાણી જ એમને નિમિત્ત થઈ છે અને એમનાં હાર્દ સુધી પહોંચી ગયા છે. આ શૈલી છે એ કોઈ એવી શૈલી છે કે, જીવને શુભની રુચિ છોડાવે. નહિતર અશુભમાં જીવ ચાલ્યો ન જાય એટલા માટે પણ કંઈક આટલું શુભ સાથે-સાથે કરવું એમ માણસ કહી દે. અશુભમાં ન જવા માટે આટલું શુભ કરવું, રોજ આટલું શુભ કરવું, આમ કરવું... આમ કરવું. એના બદલે વાતે-વાતે જે શુભનો નિષેધ કર્યો છે, ગજબનો નિષેધ કર્યો છે!! અને એ નિષેધ કરવા પાછળ એકમાત્ર પરમાર્થદૃષ્ટિ! જબરજસ્ત પરમાર્થદૃષ્ટિ રહી છે એમની!! એટલે ગુરુદેવની શૈલી થોડી જુદી પડે છે. એવી જુદી પડતી શૈલી દેખાય છે.

*


ઘણી-ઘણી વાતો કરી છે!! એટલી વાતો કરી છે, એવી વાતો કરી છે! એક ગજબ કામ થઈ ગયું છે. ૪૫-૪૫ વર્ષ સુધી જે પ્રવચનો થયા છે, કોઈ ગજબ કામ થઈ ગયું છે!! એ તો જેને જેમ-જેમ સમજાશે એને એની કિંમત આવતી જશે. એવી વાત છે. સમજાયે, સમજણ (થયે) એની કિંમત છે. આમ ખબર પડે એવું નથી.

*

('ગુરુદેવશ્રી' આટલું ઓછું ભણ્યા હતા) છતાં શાસ્ત્રોનો આટલો ઊંડો અને વિશાળ વિષય ક્યાંથી કાઢ્યો? એક જાતની લબ્ધિ થઈ ગઈ! 'ગુરુદેવ' પાસે લબ્ધિ જેવો વિષય હતો! શબ્દ તો શબ્દ છે, લબ્ધિ શું કામ કરે છે!! શબ્દ તો શબ્દ છે પણ એ શબ્દ અહીંયાં આચાર્ય મહારાજે કેમ મૂક્યો? અને એની પાછળ એમને કેટલું કહેવું છે! એ વાત શ્રુતજ્ઞાનમાં ચમત્કારિક રીતે આવે છે!! ત્યારે એને 'લબ્ધિ' કહેવામાં આવે છે. એવી 'ગુરુદેવશ્રી'ને શ્રુતની લબ્ધિ હતી!! દ્રવ્યશ્રુત અને ભાવશ્રુતનો એવો કોઈ મેળ

**(અનુસંધાન પાના નં ૧૧ પર... )**

# પૂજ્ય સોગાનીજીના સંબંધમાં......
# (પૂજ્ય ભાઈશ્રીના તા. ૨૯-૭-૯૧ના પ્રવચનમાંથી)



મુમુક્ષુ :- ગુરુદેવે એકાવતારી કહ્યું પણ પોતાને ખ્યાલ આવી ગયો હોય એવો ઉલ્લેખ આમાં ક્યાંય આવે છે? કે હું એકાવતારી છું.

**પૂજ્ય ભાઈશ્રી :- એમને પોતાને નથી ખ્યાલમાં આવ્યું. એ ગુરુદેવને ખ્યાલ આવ્યો છે. તેઓ તો આ જ ભવમાં પૂરું કરવાના પ્રયત્નમાં પડ્યાં છે. અમને લોકોને પરિચય વધારે હતો એટલે એવું લાગતું હતું કે જો આયુષ્ય હોત તો કદાચ ઉપરના ગુણસ્થાનમાં આવી જાત, (એટલેકે) મુનિદશામાં (આવી જાત). પુરુષાર્થ ઘણો હતો! (જો એવું થાત) તો આ કાળમાં ભાવલિંગી મુનિના દર્શન થઈ જાત!! આયુષ્ય પણ નહોતું અને કુદરતી જે બનવાનું હોય (એમ જ બને છે). વસ્તુસ્વરૂપમાં કાંઈ ફેર પડે? પણ મુનિદશા આવા જીવો પ્રાપ્ત કરે એવો તીખો પુરુષાર્થ હતો! ઘણો તીખો પુરુષાર્થ હતો!!**

મુમુક્ષુ :- એમનું અંગત લખાણ કાંઈ છે?

**પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ મળ્યું નથી. કોઈ વાત મળી નથી. એક તો પોતે કોઈના સંગમાં રહેવાના મતમાં નહોતા. સાધર્મીના કોઈના સંગમાં પણ રહેવાના મતમાં નહોતા અને ગુપ્ત રહીને પોતાનું કામ કરી લેવું, અજાણ્યા રહીને, ગુપ્ત રહીને પોતાનું કામ કરી લેવું, એ સિવાય એમનો બીજો અભિપ્રાય વર્તમાન પરિસ્થિતિમાં નહોતો. (બાહ્ય) પ્રસિદ્ધિથી આત્માને શું લાભ છે? નુકસાનનું કારણ છે. નુકસાન કરે તો નિમિત્ત થાય. ન કરે તો જુદી વાત છે. પણ જે મર્યાદિત સમય છે, તે મર્યાદિત સમયને એકાંતમાં બેસીને ધ્યાનમાં - આત્મધ્યાનમાં વિશેષ લગાડવો. એ એમની મુખ્ય વૃત્તિ હતી. એટલે શાસ્ત્ર સ્વાધ્યાય પણ ઘરમાં ઓછો હતો. સત્સંગ તો નહોતો પણ શાસ્ત્ર સ્વાધ્યાય પણ ઘરમાં ઓછો હતો. કેમકે પુરુષાર્થની કળા હાથમાં હતી. એટલે જેટલો સમય મળે તેટલો ધ્યાનમાં બેસે, દિવસ હોય કે રાત. જેટલો સમય મળે તેટલો (ધ્યાનમાં બેસી જાય). એ રીતે કામમાં લાગેલા રહેતાં.**

**(આપણે આગળ પત્રાંક - ૧૪માં) ન આવ્યું ! એક જ વખતમાં અથાહનો થાહ લઈ લેવો. પાનું - 13. "પર વાહ રે પુરુષાર્થ! તૂને સાથ રહી ઉગ્રતાકા સંકલ્પ કિયા, માનો અથાહકી થાહ, સદૈવકે લિયે એકબારમેં હી પૂરી લે લેગા.' અથાહ એટલે જેનું નીચે કોઈ તળીયું નથી, મર્યાદા નથી, સીમા નથી. 'ભલે**

સીમા ન હોય, પૂરું કરી દઈશ' એક વખતમાં પૂરું કરી લેવું છે! એવા પુરુષાર્થનો એમનો પ્રકાર એમને લાગતો હતો. વસ્તુસ્વરૂપ કાંઈ અન્યથા થતું નથી, કે અત્યારે પૂર્ણતા થઈ જાય. એ તો એ વાત ગૌણ કરીને ઉપડ્યાં હતાં - શ્રીમદ્જીની જેમ! એટલે એકાવતારીપણું આવ્યું. ગુરુદેવને કેમ જ્ઞાનમાં ભાસ્યું? (એનું કારણ આ છે).

(ગુરુદેવશ્રીએ) બહુ ગંભીરતાથી એ વાત કરી હતી. કોઈ આગળ-પાછળ ચર્ચા નહોતી ચાલતી. મૌનપણે આંટા મારતાં હતાં. સવારે ૧૦ વાગે જમ્યા પછી સ્વાધ્યાય મંદિરના હોલમાં આંટા મારીને પછી એમની રૂમમાં ચાલ્યા જાય. બધાં મૌન હતાં. કોઈ વાતચીત નહોતી ચાલતી. એમાં (અચાનક) હાલતાં-હાલતાં ઊભા રહી ગયા. અહીંથી (બાવડેથી) પકડીને (કહ્યું હતું), બાવડું પકડતાં, કોઈ ખાસ વાત કહેવી હોયને તો હાથ પકડીને વાત કરે. એમ અહીંથી (હાથ) પકડ્યો. **'જુઓ! આ અંદરમાંથી આવેલી વાત છે.'** બહુ ગંભીરતાથી (બોલ્યા). **'જુઓ! આ અંદરમાંથી આવેલી વાત છે. આ સોગાની છે ને! અહીંથી સ્વર્ગમાં ગયા છે. ત્યાંથી નીકળીને ઝપટ કરશે.'** ખાસ એમનો કાઠિયાવાડી શબ્દ છે. **'ત્યાંથી નીકળીને ઝપટ કરશે. અને અમારે ચાર ભવ છે. તીર્થંકરના ભવમાં તીર્થંકર અરિહંતને વંદન નથી કરતાં. દીક્ષા લેતી વખતે 'ણમો સિદ્ધાણં' એવો ઉચ્ચાર જ્યારે અમે કરીશું, ત્યારે અમારા નમસ્કાર એમને પહોંચશે!'** કેમકે એ વખતે એ સિદ્ધાલયમાં પહોંચી ગયા હશે! બહુ ગંભીરતાથી આ વાત કરી છે. એમના (સોગાનીજીના) પુરુષાર્થનો પ્રકાર કેવો હતો! એનું પરિમાણ, માપ જેને કહીયે, એ ગુરુદેવનાં જ્ઞાનમાં આવ્યું છે. સીધી વાત આ છે.

*

---

**(પાના નં ૦૯ થી આગળ... )**

હતો કે, મોટા-મોટા વિદ્વાનો જ્યાં મૂંઝાય, ભણેલા-ગણેલાં તો મૂંઝાય જાય અને એમને એમાંથી ચમત્કારિક રીતે ભાવ ભાસે કે, અહીંયાં આમ કહેવા માગે છે!! એવી શ્રુતની લબ્ધિ છે.

*

એવી લબ્ધિ છે એટલે દરેક શાસ્ત્રમાંથી, અનેક શાસ્ત્રમાંથી ચારેય પડખેથી જે-જે વિષયને પોતે ચર્ચામાં લેતા, એની છણાવટ કરતા ત્યારે એ વિષયના ચારેય પડખાં ચોખ્ખા કરી નાખે! એવી રીતે છણાવટ કરતા! અને ચર્ચામાં પણ કોઈપણ શાસ્ત્રમાંથી, ગમે ત્યાંથી ગમે તે પ્રશ્ન આવ્યો હોય તો ત્યાં એ શાસ્ત્રકાર શું કહેવા માગે છે એ એમના શ્રુતજ્ઞાનની અંદર જે ભાસે એ સીધું કહે. એ શ્રુતની લબ્ધિનો વિષય છે. એવી શ્રુતની લબ્ધિ છે. એ વાત પણ 'પૂજ્ય બહેનશ્રી'ને ભાસી છે એટલે એમના પ્રવચનમાં પણ એ વાત આવેલી.

*

'ગુરુદેવ'ની વાણીનું હાર્દ જેને સમજાયું છે એને ખ્યાલ આવે એવું છે કે, અરે...! આ તો કોઈ શ્રુતની લબ્ધિ હતી!! એવી વાતો કરી છે એમણે!

*

# જીવન ચાલું હોય ત્યારે મરતા આવડવું જોઈએ !!!

–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



**'ઉંમર પૂરી થવા આવી છે, તો ટૂંકામાં મારે આત્માનો અનુભવ કરવા શું કરવું જોઈએ તે કૃપા કરીને સમજાવશો.'** એમાં વળી મોડું શું કરવાનું?

કોઈ દર્દી ડૉક્ટરને એમ કહે કે હમણા મને નહિ મટાડતા. દુઃખાવો ચાલુ છે. અને આ દુઃખાવો હમણા મને ન મટાડતાં. એવું કોઈએ કીધું અત્યાર સુધીમાં? એનો અર્થ શું? પછી કરીશ એનો અર્થ કે મને અત્યારે દુઃખ નથી. હું અત્યારે સુખી છું, કલ્પનાવિહાર છે. બીજું કાંઈ નથી. બાકી કોઈ કહે? ડૉક્ટરને કોઈ એમ કહે કે મને હમણાં ન મટાડતા તમે. ભલે મારો રોગ હમણાં ચાલુ રહે, ભલે મારો દુઃખાવો ચાલુ રહે. આ પછી કરીશ એ એવી ગડબડ છે. કે પોતે વર્તમાનમાં દુઃખી છે એ ભૂલી ગયો છે.

એટલે ઉંમર પૂરી થવા આવી હોય કે ન આવી હોય, બધાએ એક જ કરવાનું છે. એમાં કોઈ ઉંમરની વાતને મુખ્ય-ગૌણ કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેને ઉંમર થઈ હોય એને તો બીજો વિકલ્પ હોવો જ ન જોઈએ. એવરેજ આયુષ્ય ૭૦ વર્ષ આસપાસનું આપણા દેશમાં ગણાય છે હિન્દુસ્તાનમાં. ૩૫ થઈ ગયા એટલે ૫૦ ટકા તો આયુષ્ય ભોગવી લીધું. પછી તો બોનસ લાઈફ જેવું છે. કે બાકીના ૫૦ ટકા પૂરા થવાનો કોઈનો વીમો નથી કાંઈ.

મુમુક્ષુ :- ભાઈશ્રી પહેલા તમે ૪૦ કીધા હતા હવે ૩૫ આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો ગમે તે ઉંમરે આઠ-દસ વર્ષની ઉંમરે પણ જો માણસ આ વાત સાંભળેને તો એને એમ થાય કે મોડું થઈ ગયું છે. પહેલો ફર્સ્ટ થોટ એ જ આવે.

મુમુક્ષુ :- બહેનશ્રીને આવ્યું એ એ પ્રમાણે જ આવ્યું ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા એને ૧૫ વર્ષની ઉંમરે મોડું લાગતું હતું. મોડું જ લાગે. આજે ૬૦-૭૦ પહોંચ્યા પછી ઠેકાણું ન હોય એનો અર્થ કે જોતું નથી. પ્રમાણિકતાથી આત્મકલ્યાણ જોઈતું નથી. એ વાત નક્કી છે.

.....શરીરરૂપે પોતાને માનીને, રાખીને. મારી ઉંમર થઈ ગઈ હવે મારે આત્માનો અનુભવ કરવો છે. તો કહે પણ ઉંમર તારી નથી થઈ. શરીરની ઉંમર થાય છે. રોગ આવે છે એ શરીરને આવે

છે. ઉંમર થાય છે એ શરીરને આવે છે.

મરણ થાય એ પણ આત્માનું નથી થતું. શરીરથી જુદા પડવાનો એક પ્રસંગ છે. બીજું કાંઈ નથી. કેવો પ્રસંગ છે? સાધારણ પ્રસંગ છે. કપડા રોજ બદલીએ છીએ એ સાધારણ પ્રસંગ છે કે નહિ? રોજ સવારમાં નાહીને કપડા બદલી નાખીએ છીએ કે નહિ? સાધારણ પ્રસંગ છે. એમ આ પણ એનો ટાઈમ આવે શરીર બદલી નાખવું એ એક સાધારણ પ્રસંગ છે. હું એમ ને એમ ઊભો છું. જુઓ! ગયા ભવમાં મરી ગયો હોત તો અત્યારે ક્યાંથી હોત કહો? માણસ એમ કહે ને કે, ભાઈ માણસ મરી જાય છે અથવા કોઈ પ્રાણી મરી જાય છે તો નવો જન્મ થયો, અર્થ એ ક્યાંક મર્યો ત્યારે અહીંયાં નવો જન્મ થયો ને? તો મર્યો હતો એ ક્યાં વાત નક્કી થઈ? હું તો ઊભો છું. હું છું એ એમ બતાવે છે કે મારું કોઈ દિ' મરણ થયું નથી.

**'ઉંમર અને રોગાદિ બધું શરીરને લાગુ પડે છે. આત્માને કાંઈ લાગુ પડતું નથી...'** આત્માને એ કાંઈ લાગુ પડતું નથી. **'એમ આત્માને ઓળખવો...'** ભિન્ન આત્માને ઓળખવો. **'કે આત્મા જ્ઞાયક છે.'** બધું જાણનારો છે. જે કાંઈ ફેરફારો બહારમાં થાય છે, અંદરમાં થાય છે એ બધાને જાણનારો છે. ખરેખર આત્માને કોઈની સાથે કાંઈ લગવાડ નથી. આમ લોકો બોલે છે કે મરી જાય તો એને કાંઈ કોઈની સાથે સંબંધ રહ્યો? હતો કોઈની સાથે સંબંધ? પણ જીવતા જીવન ચાલું હોય ત્યારે મરતા આવડવું જોઈએ. શરીરનો સંયોગ ચાલુ હોય ત્યારે મરતા આવડવું જોઈએ. કે મારે કોઈની સાથે સંબંધ નથી. હું મારું કરવા નીકળ્યો છું. મારું કામ હું કરી રહ્યો છું. કોઈની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ છે જ નહિ ને. કેવળ એક અસંગ તત્ત્વ છે. પોતે કેવળ એક અસંગ તત્ત્વ છે.

**(પ્રવચનાંશ... 'સ્વાનુભૂતિદર્શન' પ્રવચન નં–૪૧૧)**

---


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. રાજ–હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનો આવી રહ્યાં છે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.



## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (મે–૨૦૨૪, ગુજરાતી તથા હિન્દી)ના અંકની સમર્પણ રાશિ
સ્વ. પરિચંદજી ઘોષાલ તથા સ્વ. અવનીબહેન શાહના સ્મરણાર્થે
ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.



# પૂજ્ય બહેનશ્રીના હૃદયમાંથી વહેલા ગુરુ ગુણ સંભારણાં



સૌરાષ્ટ્રનો ગાજતો સિંહ, તેના જેવું કોઈ ન હતું. વ્યાખ્યાનની રેલમછેલ કરતા હતા. અહીં સોનગઢના એક ખૂણામાં હીરાભાઈના બંગલે પરિવર્તન કર્યું. શરૂઆતમાં થોડા માણસો વ્યાખ્યાનમાં આવતા હતા. પછી તો બધાને થયું કે ગુરુદેવે જે કર્યું છે તે સાચું જ કર્યું છે. એટલે ગુરુદેવની પાછળ ટોળેટોળાં આવવા લાગ્યાં.

આ પંચમકાળમાં જેણે ગુરુદેવની વાણી સાંભળી તે ભાગ્યશાળી અને ગુરુદેવે આ પંચમકાળમાં પધારી જીવોને ભાગ્યશાળી બનાવ્યા હતા. ૧૭.


*

અહો! પૂજ્ય ગુરુદેવશ્રી તરતા પુરુષ હતા. પોતે તરવૈયા, પોતે પોતાથી જ તર્યા અને અન્ય સૌને તારવા માટે જબ્બર પરિશ્રમ ઉઠાવ્યો. જરાપણ કંટાળો નહીં. બારે માસ દરરોજ બે વખત પ્રવચન, રાત્રે તત્ત્વચર્ચા ૪૫ વર્ષ સુધી દરરોજનો નિયમિત આ જ કાર્યક્રમ. પૂજ્ય ગુરુદેવશ્રીએ જે માર્ગ પ્રકાશ્યો તે જ માર્ગે ચાલવાનું છે.

અહો! પૂજ્યશ્રીએ યાત્રાઓ કરાવી, કેમ કરવી તે સાથે રહીને બતાવ્યું-સમજાવ્યું. પંચકલ્યાણક ઉત્સવો-પ્રતિષ્ઠાઓ, મુનિ ભગવંતોના દીક્ષાસમયનો વૈરાગ્ય-આહારવિધિ મુનિવરોની દિનચર્યા, મુનિદશાની સાચી ઓળખાણ, શ્રાવકપણાને યોગ્ય પરિણામધારા, જિનેન્દ્રપ્રતિમાનાં દર્શન-પૂજન-સ્તુતિ-સ્તવન કેવાં હોય, તે બધું બહારનું તેમ જ શુદ્ધાત્મસ્વરૂપ ચૈતન્યનું ચિંતવન-મનન કેવું હોય તે બધું અંદરનું ચૈતન્ય તત્ત્વ- જેમ અરીસામાં મોઢું દેખાય તેમ હથેળીમાં આંબળાની માફક બતાવતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્માને ઓળખાવ્યો, સમ્યક્દર્શનનું વાસ્તવિક સ્વરૂપ સમજાવ્યું. અંશે પરિણમતી સ્થિર પરિણતિ બતાવી. જીવ ગમે ત્યાં બહાર અટકતો હોય તો ત્યાંથી પાછો વાળી સ્પષ્ટ માર્ગ બતાવ્યો છે.

અહો! દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉપાદાન-નિમિત્તનો મેળ -- નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દેશવ્રત-મહાવ્રત નિશ્ચયવ્યવહાર સમ્યક્-ચારિત્રસ્વરૂપ લીનતા -- કેવળજ્ઞાન અને સિદ્ધદશા સુધીની બધી રીતે આત્માની કેવી કેવી દશા હોય તે બધું પ્રત્યક્ષ બતાવ્યું છે. હવે તો જે કાંઈ બાકી છે તે પોતાની જ ખામી છે, પોતાનો જ પ્રમાદ છે. માટે જો પોતે પૂજ્ય ગુરુદેવશ્રીના ઉપદેશથી કાંઈક ભીંજાણો હોય તો શું કરવું તે પોતાની જ જવાબદારી છે, પોતાના હાથની જ વાત છે -- માટે સત્વરે પુરુષાર્થ ઉપાડી કામ કરી લેવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ જીવનમાં માત્ર એક શુદ્ધાત્માને ઓળખવાનું અને ઓળખીને સ્વાધીન સ્વાનુભૂતિ પ્રગટ કરવાનું કહ્યું છે. અરે ચૈતન્ય ભગવાન તો તું પોતે જ છો, એ તો તારી પાસે જ છે, માત્ર વિભાવ



સ્વભાવની રુચિમાં દ્રષ્ટિમાં તને તે દેખાતો નથી, તને દેખવાનો તું પ્રયત્ન કરતો નથી તેથી મહા આશ્ચર્યકારી મહાપ્રતાપી એવા તારા આત્માને તું દેખતો નથી. ૨૬.

*

દિવ્યધ્વનિ કેવી છે! સમુદ્રમાં મેરુ પર્વતથી મંથન કરીને જે તત્ત્વ આવે, અવાજ આવે તેવો ગંભીર તમારી વાણીનો ધ્વનિ છે, અમૃત જ છે, જગતના જીવોના વિષને ઝેરને તોડી નાખે છે. શ્રોતાને મુગ્ધ કરનારી દિવ્યવાણી છે, એવી ચારે બાજુ પ્રકાશ કરનારી આપની વાણી છે. આ ગુરુવાણીને શું ઉપમા આપવી? તેવી અનુપમ ગુરુવાણી છે. હે ગુરુદેવ! તમારા જ્ઞાનને શું ઉપમા આપવી! ૩૩.

*

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિદિન ફરમાવતા હતા કે અરે ભાઈ! તું તો જ્ઞાતાસ્વરૂપ છો, જ્ઞાયકદેવ છો, જાણનાર તત્ત્વ છો, જ્ઞાયક કાંઈ લૂખો કે ખાલી નથી, તે તો અનંતી અપૂર્વતાથી ભરેલો છે. આવી અપૂર્વ વાણી ગુરુદેવશ્રીની હતી. જગતથી જુદો ચૈતન્ય શિરોમણિ ચૈતન્યદેવ કોઈ અનુપમ છે તેને આ જગતની કોઈ ઉપમા ઘટી શકતી નથી.

આમ સાંભળીને જેને કાંઈક જિજ્ઞાસા થાય કે અહો! આવો ચૈતન્યસ્વભાવ મને ક્યારે પ્રાપ્ત થાય, કેમ પ્રાપ્ત થાય, તેને આગળ વધવાનો અવસર છે.


ગુરુદેવશ્રીએ જે જે વખતે જે કાંઈ કહ્યું હોય તેનો અપૂર્વતાથી વારંવાર (યથાર્થ) મહિમા આવવો જોઈએ, આશ્ચર્ય રહેવું જોઈએ. મને બરાબર સમજાઈ ગયું છે, આવડી ગયું છે, એમ જાણપણાની હૂંફમાં તણાઈ જવું જોઈએ નહિ. એમ થવાથી તત્ત્વનો નિર્ણય લૂખો થઈ જવાનો પ્રસંગ બને છે. દરેક કાર્યમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો અનહદ ઉપકાર અંતરમાં છવાઈ જવો જોઈએ. એ પણ માર્ગપ્રાપ્તિનો ક્રમ છે. ૩૮.

*

ગુરુદેવની વાણીથી સંસારના રસ છૂટી ગયા. જે સંસારમાં રચ્યાપચ્યાં રહેતા હતા તેના રસ છૂટી ગયા ને આત્મા તરફ લાગી ગયા. આત્મા કેવો છે? કેમ પ્રાપ્ત થાય, એ રસ લાગી ગયો. જેમ મોરલી વાગે ને સર્પના નાંગળા ઢીલા પડે એના જેવું. ગુરુદેવની વાણીની, મોરલીથી મિથ્યાત્વ ને અનંતાનુબંધીના નાંગળા ઢીલા પડી ગયા, સંસારનાં ઝેર ઉતારી દીધાં. શેઠીયાઓ, કરોડપતિઓ મોજશોખમાં રહેનારાના નાંગળા ઢીલા થઈ ગયા. બાળકથી માંડીને વૃદ્ધને, બધાંને અંદરથી લાગવા માંડ્યું, આ વાણી જુદી જ છે. બધાને આ અપૂર્વ વાણી સાંભળીને ભેદજ્ઞાન કરીએ, આત્મા અપૂર્વ છે, ગુણનો સાગર છે, એવું બધાંને લાગ્યું. ૫૧.

*

## પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાની સંબંધિત હૃદયોદ્‌ગારો !!



પ્રશ્ન : 'નિહાલભાઈ' કહે છે કે વિચાર કાંઈ સાધન નથી. વસ્તુ પ્રત્યક્ષ પડી છે, તેમાં પ્રસરીને બેસી જા. તો વસ્તુ પ્રત્યક્ષ છે એટલે શું?

ઉત્તર : વસ્તુ તો પ્રત્યક્ષ જ છે ને... તું પોતે જ છો. વિચાર પ્રથમ હોય ખરા, જે વિચાર વસ્તુનો નિર્ણય કરવા, પ્રમાણ–નય આદિના વિચારો હોય છે પણ તે સાધન નથી ને વિચારોમાં અટક્યા કરે તો વસ્તુ પ્રાપ્ત થતી નથી.

*

'નિહાલભાઈ' કહે છે કે 'પર્યાય મારું ધ્યાન કરે, હું કોનું ધ્યાન કરું'– આ દ્રવ્યને લક્ષમાં લઈને વાત કરી છે, પોતાની ધૂનની વાત કહી છે. દ્રવ્યદ્રષ્ટિનું બળ આવે છે તે વેદનમાં આવે છે.

*

'શ્રીમદ્' કહે છે કે આંખ પાસે રેતી ઉપડાવવી તેમ સ્વભાવ પાસે વિભાવ કરાવવા જેવું છે ને 'નિહાલભાઈ'એ (કહ્યું કે) સ્વભાવમાંથી બહાર નીકળવું તે ભઠ્ઠી લાગે છે. બન્નેના એક જ ભાવ છે. 'ભઠ્ઠી જેવું કહેવું' તે 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું' છે. ભાષાની કથન પદ્ધતિ જુદી છે.

*

પ્રશ્ન : 'વસ્તુ વિચારત ધ્યાવતૈ, મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.' આમાં તો વસ્તુ વિચારથી અનુભવ થાય અને 'નિહાલભાઈ' વિચારની ના કહે છે તો શું સમજવું?

ઉત્તર : અહીં પણ 'મન પાવે વિશ્રામ' એમ લીધું છે ને? એટલે વિચારથી મન છૂટી જાય ત્યારે અનુભવ થાય છે. વિચારથી અનુભવ થાય નહિ. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે ત્યારે મન પણ છૂટી જાય છે તો એકલા વિચાર કરવાથી વસ્તુ કેવી રીતે મળી શકે? મનથી વસ્તુ પેલે પાર છે.


*

પ્રશ્ન : 'શ્રીમદ્જી'માં આવે છે કે 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ... ઔષધ વિચાર ધ્યાન' – આમાં શું કહેવા માગે છે?

ઉત્તર : હા, આવે છે કે પ્રથમ ભૂમિકામાં વિચાર હોય તો છે, પરંતુ તે સાધન નથી. 'નિહાલભાઈ' કહે છે કે અંદરમાં પ્રસરી જાવ, સ્વમાં પ્રસરી જવું તે જ વિધિ અને કળા છે. પ્રાથમિક ભૂમિકામાં બધું આવે છે, હોય છે, પછી છૂટી જાય છે. (તા. ૧૨-૪-૭૨)

*

## પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી દ્વારા લિખિત આધ્યાત્મિક પત્રો



**પત્રાંક - ૩૭૨**

મુંબઈ, વૈશાખ વદ ૧૪, બુધ, ૧૯૪૮

આપનું એક પત્ર આજે પ્રાપ્ત થયું.

આપે ઉપાધિ દૂર થવા વિષેમાં જે સમાગમમાં રહેવાનું મુખ્ય કારણ બતાવ્યું તે યથાતથ્ય છે. આગળ ઘણા પ્રકારે આપે તે કારણ જણાવ્યું છે, પણ તે ઈશ્વરેચ્છાધીન છે; જે કંઈ પણ પ્રકારે પુરુષાર્થ થાય તે પ્રકારે હાલ તો કરો અને જે સમાગમની પરમ ઈચ્છા તેને વિષે જ અભેદચિંતન રાખો. આજીવિકાના કારણમાં વિહ્વલપણું પ્રસંગોપાત્ત આવી જાય એ ખરું છે; તથાપિ ધીરજને વિષે વર્તવું યોગ્ય છે. ઉતાવળની અગત્ય નથી. અને તેમ વાસ્તવિક ભયનું કંઈ કારણ નથી. શ્રી......

*

**પત્રાંક - ૩૭૩**

મુંબઈ, વૈશાખ વદ ૧૪, બુધ, ૧૯૪૮

મોહમયીથી જેની અમોહપણે સ્થિતિ છે, એવા શ્રી...ના યથા.

'મનને લઈને આ બધું છે' એવો જે અત્યાર સુધીનો થયેલો નિર્ણય લખ્યો, તે સામાન્ય પ્રકારે તો યથાતથ્ય છે. તથાપિ 'મન', 'તેને લઈને', અને 'આ બધું' અને 'તેનો નિર્ણય', એવા જે ચાર ભાગ એ વાક્યના થાય છે, તે ઘણા કાળના બોધે જેમ છે તેમ સમજાય એમ જાણીએ છીએ. જેને તે સમજાય છે તેને મન વશ વર્તે છે; વર્તે છે, એ વાત નિશ્ચયરૂપ છે; તથાપિ ન વર્તતું હોય તોપણ તે આત્મસ્વરૂપને વિષે જ વર્તે છે. એ મન વશ થવાનો ઉત્તર ઉપર લખ્યો છે, તે સર્વથી મુખ્ય એવો લખ્યો છે. જે વાક્ય લખવામાં આવ્યાં છે તે ઘણા પ્રકારે વિચારવાને યોગ્ય છે.

મહાત્માનો દેહ બે કારણને લઈને વિદ્યમાનપણે વર્તે છે, પ્રારબ્ધ કર્મ ભોગવવાને અર્થે, જીવોના કલ્યાણને અર્થે; તથાપિ એ બન્નેમાં તે ઉદાસપણે ઉદય આવેલી વર્તનાએ વર્તે છે, એમ જાણીએ છીએ.

ધ્યાન, જપ, તપ, ક્રિયા માત્ર એ સર્વ થકી, અમે જણાવેલું કોઈ વાક્ય જો પરમ ફળનું કારણ ધારતા હો તો, નિશ્ચયપણે ધારતા હો તો, પાછળથી બુદ્ધિ લોકસંજ્ઞા, શાસ્ત્રસંજ્ઞા પર ન જતી હોય તો, જાય તો તે ભ્રાંતિ વડે ગઈ છે એમ ધારતા હો તો; તે વાક્યને ઘણા પ્રકારની ધીરજ વડે વિચારવા ધારતા હો તો, લખવાને ઈચ્છા થાય છે. હજી આથી વિશેષપણે નિશ્ચયને વિષે ધારણા કરવાને લખવું અગત્ય જેવું લાગે છે, તથાપિ ચિત્ત અવકાશરૂપે વર્તતું નથી, એટલે જે લખ્યું છે તે પ્રબળપણે માનશો.

સર્વ પ્રકારે ઉપાધિયોગ તો નિવૃત્ત કરવા યોગ્ય છે; તથાપિ જો તે ઉપાધિયોગ સત્સંગાદિકને અર્થે જ ઈચ્છવામાં આવતો હોય, તેમજ પાછી ચિત્તસ્થિતિ સંભવપણે રહેતી હોય તો તે ઉપાધિયોગમાં પ્રવર્તવું શ્રેયસ્કર છે.

અપ્રતિબદ્ધ પ્રણામ.

*



**પૂજ્ય ગુરુદેવશ્રીને આહારદાન કરતા પૂજ્ય સોગાનીજી**

## પૂજ્ય નિહાલચંદ્રજી સોગાનીજીના
# પૂજ્ય ગુરુદેવશ્રી
## પ્રતિ ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગાર

'પૂજ્ય ગુરુદેવ'નું સ્મરણ આ સમયે પણ આવી રહ્યું છે અને આંખમાંથી ગરમ આંસુ વહી રહ્યાં છે કે તેમના સંગમાં રહેવાનું થતું નથી. તેમની અસંગરુચિનો (અથવા સ્વસંગનો) ઉપદેશ કાનમાં ગુંજી રહ્યો છે અને તેની રમણતાથી જ અહીંની ઉપાધિઓ ઢીલી સરખી બની રહે છે. એ દિવસની પ્રતીક્ષામાં છું કે, ક્યારે એ ગર્જતી દિવ્યમૂર્તિનાં ચરણોમાં જલદી હું પોતાને પામું! (પત્રાંશ-૪)

*

હે 'ગુરુદેવ'! લોકોત્તર લાભ માટે આપનાં વચનો પર શ્રદ્ધા રાખી છે. આશીર્વાદ દેતું આપનું મોહક ચિત્ર નિહાળ્યું છે. આપના આશીર્વાદથી પૂર્ણ આનંદમયી નિધિને પ્રાપ્ત કરી લઉં અને અનંત પદાર્થોના ત્રણે કાળના અનંતા ભાવો વર્તમાન એકેક ભાવથી અવિચ્છિન્ન પ્રત્યક્ષ થતા રહે એવી તીવ્ર અભિલાષા છે. દરિદ્રીને ચક્રવર્તીપણાની કલ્પના હોતી નથી. પામર દશાવાળાને 'હું ભગવાન છું, હું ભગવાન છું' એવું રટણ લગાડવું તે, હે પ્રભો! આપ જેવા અસાધારણ નિમિત્તનું જ કાર્ય છે. પરિણતિ માટે આત્મા જ નિમિત્ત હો અથવા ભગવાન-ભગવાન એવો ગુંજારવ કરતા આપ નિમિત્ત હો, બીજાનો સંગ નહીં - એ જ ભાવના. (પત્રાંશ-૨૬)

*

અહીં તો પૂજ્ય 'ગુરુદેવે' આત્મગઢમાં વાસ કરાવીને પ્રસાદ ચખાડ્યો છે, તેથી ક્ષણિક વિકલ્પો પણ સહજ ભુલાઈ જાય છે. કહું છું કે હે વિકલ્પાંશ! તારા સંગે અનાદિથી દુઃખોનો અનુભવ કરતો આવ્યો છું. હવે તો પીછો છોડ! જો થોડો સમય રહેવા જ ઈચ્છતો હો તો સર્વસ્વના આપનારા પરમ ઉપકારી 'શ્રી ગુરુદેવ'ની ભક્તિ-સેવા ગુણાનુવાદમાં જ તેમની નિકટ જ વર્ત! આ ક્ષેત્રમાં તો (વિકલ્પ) અધિક દુઃખદાયી છે, કેમ કે 'ગુરુદેવે' તેની ઉપેક્ષા કરાવીને તેનાથી વિમુખ બનાવી દીધો છે; તેથી આ (વિકલ્પ) પણ લંબાઈ ને સાથ આપતો નથી. (પત્રાંશ-૪૨)

*

પરમકૃપાળુ 'ગુરુદેવશ્રી'ના મુખારવિંદથી મારા સંબંધમાં નીકળેલા સહજ ઉદ્‌ગારો આપને અમુક-અમુક સ્થળોના ભાઈઓથી જાણવા મળ્યા તે તમે બધાયે સ્વાભાવિક પ્રસન્નતા અને ઉત્સાહપૂર્વક મને લખ્યા તે જાણ્યા.

'મુક્તિનાથ'ની આ દાસ પ્રત્યે સહજ કૃપાદ્રષ્ટિ એ વાતની દ્યોતક છે કે, અતિ ઉમંગ-ભરી મુક્તિસુંદરી અપ્રતિહત ભાવે, મારા જેવા કૃતકૃત્યની સાથે મહા આનંદમયી, અસ્ખલિત, પરમ ગાઢ આલિંગનયુક્ત રહીને શીઘ્રાતિશીઘ્ર કૃતકૃત્ય થવા ઈચ્છે છે.

'પરમ પિતાશ્રી'એ આપણા બધા પુત્ર મંડળને અતૂટ લક્ષ્મીભંડાર (દ્રષ્ટિરૂપી ચાવી દ્વારા ખોલીને) ભોગવવા માટે પ્રદાન કર્યો છે. એને નિત્ય ભોગવો, નિત્ય ભોગવો - એ જ ભાવના છે. (પત્રાંશ-૫૧)

# પૂજ્ય શ્રી સોગાનીજીની ૧૧૩મી જન્મજયંતી પ્રસંગે
# કોટી કોટી વંદન!



પૂજ્ય ગુરુદેવશ્રીના મહાપુરાણનું આ એક પાત્ર છે. સોનગઢની તીર્થભૂમિ–એ તીર્થભૂમિમાં સમ્યગ્દર્શનરૂપી સપૂત કોઈ નહોતો જાગ્યો, નહોતો પાક્યો, ત્યાં સુધી આગળ જે–જે ધર્માત્માઓ થયા એ સોનગઢ ભૂમિમાં નથી થયા, જુદી–જુદી ભૂમિમાં થયા છે. જ્યારે ગુરુદેવની જે સાધનાભૂમિ છે. એ સાધનાભૂમિમાં સાધનાનું એક નવું યશકલગી ઉમેરાણું અને એ ભૂમિ પણ ફલવંતી થઈ અને એક ફળ પાક્યું – એ સોગાનીજી છે. પૂજ્ય સોગાનીજીનું બહુમાન એ માત્ર એક વ્યક્તિનું બહુમાન નથી, એ સમ્યગ્દર્શનનું બહુમાન છે અને જે–જે સર્વ સમ્યગ્દર્શન ધારક મહાત્માઓ છે, ધર્માત્માઓ છે તે અનંતા–ત્રણે કાળના ધર્માત્માઓનું બહુમાન, એમાં સન્માન છે.

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

***REGISTERED NO. : BVHO - 261 / 2024-2026***
***RENEWED UPTO : 31/12/2026***
***R.N.I. NO. : 69847/98***
***Published : 10th of Every month at BHAV.***
***Posted at 10th of Every month at BHAV. RMS***
***Total Page : 20***



... દર્શનીય સ્થળ ...

## 'ગુરુ ગૌરવ'

સોનગઢ

સ્વત્વાધિકારી શ્રી સતશ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨ -સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.
સંપાદક : રાજેન્દ્ર જૈન - 09825155066

If undelivered please return to ...
**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

Printed Edition :
Visit us at : http://www.satshrut.org